# કાવ્યત્રયી



પાર્થિવી • પ્રિયા • પ્રતિષ્ઠા

# કાવ્યત્રયી

• પાર્થિવી • પ્રિયા • પ્રતિષ્ઠા


પ્રાપ્તિસ્થાન

**નવભારત સાહિત્ય મંદિર**

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ : ૩૮૦ ૦૦૧

૨૦૨, પેલિકન હાઉસ,
આશ્રમ રોડ, અમદાવાદ : ૩૮૦ ૦૦૯

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ : ૪૦૦ ૦૦૨

**બુક શેલ્ફ**

૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ,
નવરંગપુરા, અમદાવાદ : ૩૮૦ ૦૦૯

**E-mail : info@navbharatonline.com**
**Web : www.navbharatonline.com**

**KAVYTRAYEE**
by
Navbharat Sahitya Mandir, Ahemedabad
2012

ISBN : 978-81-8440-690-0

©

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨

₹ : ૬૦/-

**પ્રકાશક**
મહેન્દ્ર પી. શાહ
**નવભારત સાહિત્ય મંદિર**
દેરાસર પાસે, ગાંધીરોડ, અમદાવાદ : ૩૮૦ ૦૦૧
ટેલિ. : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com

**ટાઈપ-સેટિંગ**
**પ્રિન્ટ હબ**
અમદાવાદ

**મુદ્રક**
**યશ પ્રિન્ટર્સ**
અમદાવાદ

# આમુખ

કવિતા સ્વભાવે એક સર્જકના ભાવતંત્રનું ફૂલ છે. એની સુવાસમાં શબ્દના નવા સાક્ષાત્કારની અનોખી હાજરી હોય છે, તો એની સુંદરતાનું ઝરણું કવિહૃદયની સદા ઉર્વરા પર્વતમાળામાંથી વહેતું હોય છે. પણ કવિતા અનંત આકાશનું સંતાન છે અને તેથી પ્રયોગશીલતા અને નવીનતા એની ઓળખ અને શક્યતા બંને છે. કદાચ એ જ કારણથી અનેક યુગોથી મનુષ્યમસ્તિષ્ક અને ઊર્મિતંત્રે કવિતાના ખેડાણમાં અનેક સ્વરૂપો નિપજાવ્યાં છે. પણ આજે જે વાત કરવી છે તે અમદાવાદ નગરની ત્રણ યુવાન કવયિત્રીઓના સંયુક્ત સહપ્રયત્ન અને ભાવ અભિવ્યક્તિના એક ત્રિવેણીસંગમની છે. આ ત્રિવેણીમાં ચિત્તાકર્ષક તત્ત્વ છે તે શબ્દ-ઉમંગ છે.

આ કાવ્યસંગ્રહમાં ત્રણ કવયિત્રીઓ પાર્થિવી, પ્રિયા અને પ્રતિષ્ઠા એમના ભાવજગતને ખોલતાં ખોલતાં 'પિયા, ના બોલ'થી જેવી શબ્દગૂંથણીથી વાચકને એના વાસ્તવમાં મૂકી આપે છે. એટલે જ સંગ્રહના ઉઘાડમાં જ એક નોતરું રણકે છે. કવિતાના સમસંવેદનને આવી મુખર રીતે અભિવ્યક્તવું- એ પોતે એક કાવ્યભાગીદારીનું ઉદ્ઘાટન છે. ફેસબુકપેઢીની કવયિત્રીઓ છે, વ્યવસાયે કોમ્યુનિકેશનનો ઘરોબો છે. કદાચ આ પ્રવેશ જ વાચકને વિયોગ, પ્રયોગ અને યોગની ત્રિવિધ અવસ્થા માટે તૈયાર કરે છે. આ દૃષ્ટિએ આ કાવ્યસંગ્રહ નવીનતાસભર બની રહે છે.

કોઈપણ કવિતાનું બાળપણ પ્રકૃતિને આંગણે વિકસે છે. આ સંદર્ભે ત્રણેય કવિહૃદયો કુદરતી જ ભીંજાયેલાં જણાયા કરે છે. પાને પાને માનવપ્રેમ

છલકાય છે અને સ્વાભાવિક રીતે અને પરિણામે સફળતાથી કવયિત્રીઓ આપણને આ માનવભાવોને પ્રકૃતિ સાથે જોડી આપે છે. કવયિત્રીઓ આ ભાવબંધ હાંસલ કરવામાં સફળ થતાં દેખાય છે. ત્રણેય કવયિત્રીઓને પ્રિય પતંગિયાં આ વાતને કેવી રીતે ઉજાગર કરે છે તે સાંભળીએ. પ્રતિષ્ઠા એમના કાવ્ય 'પ્રેમ'માં કહે છે, 'પતંગિયાની પાંખની જેમ/હળવેકથી ઢળેલી/એની પાંપણો જોતાં વિચારું છું'... તો બીજા એક કાવ્યમાં પાર્થિવી કહે છે :

'કામણગારાં પતંગિયાં ફૂલેફૂલે ઊડીને રસપાન
નથી કરી શકતાં કે,
તેમાં જંતુનાશક 'ડી.ડી.ટી.' તો નહીં હોય ને !'

તો ત્રીજા એક પડાવે કવયિત્રી પ્રિયા આવું સંવેદન રજૂ કરે છે:

'જીવનના વનમાં અળસિયાંનાં ઈંડાં
વરસાદી પાંખો ફફડાવી પણ જાય
આગિયા, પતંગિયાં, એક રાતના જંતુ જીવડાં
ચંદ્રની સોળે કળા ક્યાંક માણી બી જાય !'

મને અહીં જે મઝા આવી છે તે એક જ પ્રતીકનું ત્રણેય કવયિત્રીઓનું અવનવું અનુસંધાન છે. ત્રણેય સંદર્ભોમાં પતંગિયાં ખૂબ જ અસરકારક રીતે આધુનિક જીવનની વ્યથાઓ અને નાજુક સંબંધોને રજૂ કરે છે.

અહીં કવિતાનાં ત્રણે પરિમાણો અનાયાસે જ કવયિત્રીઓનાં નામોમાં પડઘાય છે તે કવિતાની આ ઊગતી વેલ જેવી પ્રક્રિયાને સમજવામાં ઉપયોગી થાય તેમ છે. આ કવિતા પદાર્થપ્રેમની મુગ્ધતામાં વિકસે છે અને તેથી 'પ્રિયા'નો ભાવસ્પર્શ પામે છે. કવિતાએ વાસ્તવના ભોંયતળિયેથી ઉડાન કરવાનું હોય છે અને તેથી એની 'પાર્થિવી' ઓળખાણ શબ્દે શબ્દે ધબકવી જોઈએ. કીર્તિ મળે તે તો પ્રતિષ્ઠા કહેવાય પણ કવિતામાં 'પ્રતિષ્ઠા' શબ્દની, ભાવની અને પ્રેમની હોય છે તેની પ્રતિષ્ઠા સુપેરે કરવાનો કવયિત્રીઓએ પ્રયાસ કર્યો છે તે દેખાય છે.

આ કાવ્યસંગ્રહ એક પ્રયોગ તરીકે ત્રિવેણીનો મુકામ છે, પ્રેમમાં તે પ્રિયાના બોલ જેટલો વાસ્તવિક છે અને અનેક અપેક્ષાઓ જગવનારો છે. શબ્દ કવિતાના સ્પર્શથી જે પામે છે તે અહીં પડઘાય છે. ત્રણેય કવયિત્રીઓનું સ્વાગત અને શુભકામનાઓ...

– ભાગ્યેશ જહા

# આવકાર

અલ્લડપણું અને છીછરી પ્રદર્શનવૃત્તિને બદલે સંવેદનાની અભિવ્યક્તિનો નોંધપાત્ર પ્રયાસ, તે પણ માતૃભાષામાં કરીને પ્રિયા-પાર્થિવી-પ્રતિષ્ઠા આધુનિકતાનો પ્રચલિત ખ્યાલ બદલે છે એમની કાવ્ય-રચનાઓ દ્વારા. આ કૃતિઓની ભાષાની અનાયાસ સરળતા, પંક્તિઓની સહજ એવી પ્રવાહિતા અને એમાં શબ્દોનો રણકતો લય ધ્યાનાકર્ષક છે, વિશેષે એટલા માટે કે એ વચ્ચે અનેક જગાએ વીજઝબકારની જેમ ભાવ અને અર્થસંકેત પ્રગટે છે.

નીરક્ષીર વિવેક અને સંમાર્જનની આવશ્યકતા ખરી. એ તો આ વયે પ્રથમ પ્રયાસે ન હોય તો નવાઈ. ગુજરાતી ભાષા બાબતે કેટલાક લોકો ચિંતા કરવા લાગ્યા છે ત્યારે, ઉજવણી આ ત્રણ રચનાકારોની ઉપલબ્ધિની કરવા જેવી છે. 'કોશેટો' કે 'કોયડો' શીર્ષક હેઠળની કૃતિઓની ભાષાની રમતિયાળ સરળતા છીછરી અને છેતરામણી તો નથી, એવી પહેલી નજરે શંકા જાય. પરંતુ એ સરળતા અંત સુધી એવી લયબદ્ધ રીતે જળવાય છે કે આખી કૃતિ તમે એકશ્વાસે વાંચી જાઓ અને ઝિલાયેલો આનંદ અનુભવો.

એય !
સાંભળ, મારી સામે તો જો
હું-હું સુખ ! તને મળવા આવ્યું છું. ('પતંગિયાં')

જા, લઈ લે તને જે હોય ગમતા
લે તારી સામે મૂક્યા મેં આ રસ્તા. ('કોયડો')

બાહ્ય સંબંધોથી અલગ થઈને 'ચહેરો' જેવી કૃતિઓમાં એ સરળતા, પ્રવાહિતા તથા લય, અસ્તિત્વ અને વ્યક્તિત્વ જેવા વિષયો પરત્વે અભિવ્યક્તિ શોધે છે. આ દ્વિતીય પ્રવાહની રચનાઓમાં વારંવાર મનભર કલ્પનગુચ્છો પ્રગટે છે : થીજેલા વંટોળ, નીરવ ઢોલ, શાંત ચકડોળ... ('પિયા, ના બોલ') ટપકાં, ડપકાં, ભપકા ને ભાતભાતના રંગ... ('રંગોળી'). કલ્પનોની નવીનતા સાથે 'કોશેટો' જેવી રચનાઓ વધુ પ્રગલ્ભ સંવેદના તરફ વળે છે.

હસી હસીને એક મલકતો ચહેરો
એની પાછળ એક છણકતો ચહેરો... ('ચહેરો')

દોડ્યો નાનો બાળ, પીચકાયું પગ નીચે પાન
લોહીથી લથબથ જાળું, રહ્યુંસહ્યું વીંખાયું ! ('કોશેટો')

જીવનની ગૂઢતા ઘેરી કરતી આછી અસ્પષ્ટતાની લાક્ષણિકતા સહિતની આ પ્રકારની રચનાઓની દિશા વધુ પરિપક્વ અભિવ્યક્તિની આશા પ્રેરે છે.

આ લઘુ કાવ્યસંગ્રહની 'અનુભૂતિ' અને 'પ્રેમાલાપ' સહિતના ત્રીજા પ્રવાહની રચનાઓમાં મુગ્ધતા છે તથા પ્રકૃતિ પ્રત્યે કુતૂહલ છે અને યૌવનસહજ સાહચર્ય કે તેની ઝંખના વ્યકત થાય છે ત્યારે ક્યારેક તાજગી સાથે તે વ્યક્ત કરવા માટે કલ્પનો પ્રકૃતિનાં તત્ત્વોમાંથી આવે છે. પ્રીતિપાત્ર વ્યક્તિ સાથે તન્મય થઈ રહેવાની ઝંખના પ્રકૃતિ સાથે અને સૃષ્ટિના પરમ તત્ત્વ સાથે એકરૂપતાની સમાંતરતા તરફ ગતિ કરે છે ત્યારે લાગણી અને તેની અભિવ્યક્તિ બળવત્તર બનતી અનુભવાય છે - સાથોસાથ સઘળી કાવ્યપંક્તિઓના વધુ ઘટ્ટ સંયોજન અને તે દ્વારા વહન થતી લાગણીની અધિક ઉત્કટતાની અપેક્ષા જન્મે છે.

આ વિરહિણી
અંતરમાં બસ તમારું જ નામ ઘૂંટે છે ! ('પ્રેમાલાપ')

મારે તમને મળવું છે,
ટહુકામાં ઓગળવું છે ! ('મારે તમને મળવું છે')

વિશેષતા સાથે નોખી પડતી રચનાઓ છે 'ગૌતમને', 'સપનું' વગેરે. પ્રાચીનતાના વારસામાંથી એ રચનાઓ વિષયવસ્તુ અને કલ્પનો શોધે છે અને આધુનિકતાના સંદર્ભે એમને મૂલવે છે.

પ્રેમ તો મેં પણ ક્યાં ઓછો કર્યો 'તો ?
પણ તમે કદી
ગોવાળિયા ન બની શક્યા, ગૌતમ ! ('ગૌતમને')

એમને તો ધોબીના કહેણનુંય બહાનું
પણ તેં છોડી યશોધરા શીદને ? ('સપનું')

આ પ્રકારની રચનાઓ કાવ્યના મુખ્ય પ્રવાહમાં ઝરણારૂપે વહી આવવાની ક્ષમતા ધરાવતી રચનાઓની પુરોગામી હોવાનો અણસાર મળે છે. આ ઉપરાંત, એક પક્ષીની અને બીજી વર્તુળની આકૃતિમાં સર્જેલી રચના ધ્યાન ખેંચે છે. કુતૂહલ સંતોષમાં પરિણમે છે. વાંચતાં લાગે છે કે આકૃતિઓ માત્ર ચમત્કૃતિ માટે નથી. તે રચનાઓના વિષયને વધુ અસરકારક રીતે વ્યક્ત કરે છે !

ત્રણે પ્રવાહમાં, આરાધ્ય જીવનસંગીતમાં ક્યારેક બજી ઊઠતા દૂરના કે નજીકના વિસંવાદી સૂરોને દબાવી દેતા મિજાજના સંવાદી સૂરોની પ્રબળતા વાચકોએ શોધી, અનુભવી, માણવા જેવી છે.

શબ્દોના માધ્યમ વડે સર્જનાત્મક અભિવ્યક્તિનો આ પ્રયાસ સરાહનાને પાત્ર છે. કેટલીક કૃતિઓમાં સાદ્યંત સુરેખતા દુર્લભ છે  એ સાચું, સ્વાભાવિક રીતે અહીં મૌગ્ધ્યની વિપુલતા અને પ્રગલ્ભતાના ઝબકાર જ છે. આમ છતાં અહીં ઝળહળતા તણખાઓમાં પ્રજ્વલિત રહી સ્થિર જ્યોત બનવાની ક્ષમતા દેખાય છે. શુભેચ્છા.

**– એસ. ડી. દેસાઈ**

# અનુમોદન

સાહિત્યક્ષેત્રે આંતરજગતનાં ભરતી-ઓટ, ઉજાસ-અંધકાર, વસંત-પાનખર, ચાહત-રાહતની અભિવ્યક્તિ અંગે રાગાનુવેગ અનુભવતા સ્ત્રીમનને કવિતાનું માધ્યમ સૌથી વિશેષ અનુકૂળ છે. આ જગતમાં સ્ત્રીનો અવતાર વર્જનાઓ, પ્રતિબંધો અને આંતરબાહ્ય સૂક્ષ્મ પ્રકારની સેન્સરશીપના ખીલે બંધાયેલો છે. આ ખીલેથી છૂટવા માટે અથવા ખીલા અને રસ્સી વચ્ચે અવકાશ મેળવવા માટે કવિતામાં પ્રયોજાતાં પ્રતીકો અને અલંકારોની આડશ પ્રત્યક્ષ આક્રમણથી સ્ત્રીચેતનાને બચાવે છે.

પ્રિયા, પાર્થિવી અને પ્રતિજ્ઞાની આ કવિતાઓને આ સંદર્ભમાં પણ જોઈ શકાય. સ્ત્રીહૃદયમાં જાગતાં ભાવ-આંદોલનો ઉપરાંત અહીં સમગ્ર અર્થમાં માનવમનમાં લહેરાતા તરંગો પણ ઝિલાયાં છે.

કહેવાય છે કે સ્ત્રી માટે પ્રેમ જીવનનો પર્યાય છે જ્યારે પુરુષ માટે જીવનનો એક અંશ માત્ર. અહીં રાધા-કૃષ્ણના શાશ્વત રોમૅન્ટિક પ્રેમની સમાંતરે ધબકતા-થનગનતા દામ્પત્ય-જીવનની મધુરી છાલક પણ જોવા મળે છે. પાર્થિવીની આ પંક્તિઓ એના ઉદાહરણરૂપ છે:

*‘મારા કાનમાં એક વાત ઘૂંટાય છે વળી વળી,*
*કે પેલાં રાધા અને કા’નને એવો તે શો સંબંધ હતો વળી ?*
*ગુંજામાળાધારી એ કહાનની વાંસળીઓ, એની જ માળા જપતી,*
*પેલી રાધાના કાનમાં કેમની ગુંજ્યા જ કરતી હશે વળી ?*

રાધા-કૃષ્ણના નિર્મોહ, નિર્બંધ, નિરંતર, નિર્લેપ, નિર્વિકાર પ્રેમની અનુભૂતિ વિશે આરંભે પ્રશ્ન કરતી કવયિત્રી કાવ્યના અંતે સ્વાનુભૂતિના અજવાળે રાધા-કૃષ્ણના સંબંધને નિહાળે છે, ઓળખે છે. તો પ્રિયા 'કળિયુગના કાન્હ'ને આ રીતે આલેખે છે:

*'આપણે કદમ્બ નીચે શું પહોંચ્યાં*
*અને તમે તો કાન્હ થઈ ગયા !*
*ચાર ચુંબન ચોડી, ચતુર*
*તમે તો સુંદરકાંડ થઈ ગયા !*

એક પાત્ર છબછબિયાં કરતું હોય ને બીજું પાત્ર સ્વપ્નો જોતું હોય ત્યારે જે સૂક્ષ્મ સ્તરે આઘાત પહોંચે છે એની આ કવિતા છે. આજના સંદર્ભે જોઈએ તો કૃષ્ણ બદલાયા છે પણ રાધા તો એની એ જ રહી છે – મુગ્ધ નાયિકા !

નવોઢા નાયિકાના શણગાર અને સંવેદન દ્વારા 'કવિતા'ને આગવી રીતે ઓળખવા-આલેખવા મથતી પાર્થિવીનો ઉપક્રમ પણ જોવા જેવો છે:

*'એક કવિ-હૃદયમાં કવિતાના બીજાંકુર રોપાય છે,*
*વિચારો સ્ફુરે ને કવિતાનો જન્મ થાય છે !*
*અચાનક ઉમંગ અને ઊર્મિઓ ઊભરાય છે,*
*પંક્તિઓનું પાનેતર પહેરી કવિતાનાં લગ્ન થાય છે !*
*શીર્ષકરૂપી સિંદૂર પૂરી તે સૌભાગ્યવતી બની જાય છે,*
*અલંકાર અને વિશેષણો તેના શણગાર થઈ જાય છે !'*

'સુખ' સાથે આરંભે કોઈ નિર્દોષ બાળકી જેવો ખેલ ખેલતી નાયિકા સુખને હંમેશ માટે પોતીકું કરી લેવા અનંત પ્રતીક્ષા કરતી રહે છે, પણ આ ખેલ તો જાણે પૂરો થઈ જતો જ નથી ! ચક્કરમાંથી છૂટીને પોતાનો આગવો ચોરસ રચવા ઝંખતી કવયિત્રી વર્જિનિયા વુલ્ફના 'પોતાનો ઓરડો'ની યાદ અપાવે

છે. અહીં સ્ત્રીના સંસારકેન્દ્રમાં રહેલા પુરુષ અને એની આળપંપાળ, આરાધના, વંદનાના ચક્કરમાંથી મુક્તિની ઝંખના ચકાકારે લખાયેલી કવિતામાં તીવ્રતાથી વ્યક્ત થઈ છે.

આ ત્રણેય કવયિત્રી વિશે કહી શકાય કે એમનો સાહિત્યસંદર્ભે કોઈ આગવો અભ્યાસ ભલે નથી પણ અહીં હૃદયની જે લાગણીઓને વાચા મળી છે તે સ્ત્રીસહજ અને સ્ત્રીસુલભ છે. અહીં છંદોલયના ચમકારા નથી, પણ અછાંદસ આગવો લય છે. એમ લાગે છે કે આ રચનાઓ કાવ્યસંસ્કારથી પરિપ્લાવિત થઈ હોત તો વિશેષ સારાં પરિણામો અને પરિમાણોની શક્યતા ઊઘડી હોત. પરંતુ અહીં જે છે તે પણ વિચારોની લકીરો મૂકી જાય છે. સાથોસાથ ત્રણેય કવયિત્રીઓના મનોવિશ્વનો પણ સુભગ પરિચય પ્રાપ્ત થઈ રહે છે.

આ કાવ્યસંગ્રહના પ્રકાશનના સમયે 'ત્રિવેણી' સંગમમાં પગ ઝબોળ્યાનો આનંદ થાય છે.

પ્રતિષ્ઠા, પાર્થિવી અને પ્રિયાનો શબ્દ વધુ ઉજ્જવળ બની રહે એવી શુભેચ્છાઓ.

**— હર્ષ બ્રહ્મભટ્ટ**

# કાવ્યત્રયીનો કલરવ...

આંતરિક સ્પંદન તથા મીઠા શબ્દોનો પ્રણય એટલે કવિતા. સહૃદયી અને સચોટ ભાષાના મરોડમાં કંડારેલી અપ્રતિમ લાવણ્યસભર ભાવભીની આકૃતિ એટલે અમારે મન કાવ્ય. આ નાનકડી કાવ્ય-કૃતિઓથી ગૂંથાયેલો આ સંગ્રહ 'કાવ્યત્રયી' એ એક અનોખો પ્રયોગ છે. આ પ્રયોગને આપની સમક્ષ રજૂ કરવાનો યોગ, કાવ્યરૂપી પ્રિયજનથી આપનો વિયોગ દૂર કરે એવી અભિલાષા.

દરેક હૃદયમાં એક કવિ વસે છે, પરંતુ આ સંસારના આડંબર અને પ્રપંચથી તે દૂર ભાગે છે, છુપાય છે. એ કવિને શોધો, એને ઢંઢોળો, પંપાળીને જગાડો અને તેને શબ્દ-જન્મ આપો. આ કાવ્યસંગ્રહને અંતે એક પૃષ્ઠ હજી કોરું છે. તે પ્રતીક્ષા કરે છે આપની સ્વરચિત કૃતિની – જે આપના જ હૃદયમાં હજી ક્યાંક ઊંડે સંતાઈને સળવળે છે. આ કાવ્યો આપનું અર્ચન કરે છે, પ્રાર્થે છે, મનાવે છે કે આંતરદૃષ્ટિ કરો. અંતઃકરણને ખોલો, કુંઠિત ઊર્મિઓનું મંથન કરો.
સંવેદનાના સમુદ્રના મંથનના અંતે મેળવેલા સાક્ષાત્ સ્નેહરૂપી અમૃતને કાવ્યરૂપી રત્નકણિકાનું સ્વરૂપ આપતાં આપતાં, એનું જતન કરતાં કરતાં આ પુસ્તકને 'પોતીકું' બનાવી લો. એક નાનોઅમથો પ્રયાસ કરી જુઓ. કદાચ સ્ફુરણા જાગૃત થઈ જશે અને જીવન ખીલી ઊઠશે.

**પાર્થિવી, પ્રિયા, પ્રતિષ્ઠાની શુભેચ્છા**

# અર્પણ...
# કાવ્ય સ્ફુરણાને...

એ તો છે લયમાં અલય
ને વળી છે ગુંજનો ગુંજકર
આંખ્યુંએ તરવરે છે નીરવ કલરવ
હૈયે રણકે બસ ૐકારનો રવ
જીવનનો મીઠો ઉલ્લાસ છલકે એક એનામાં;
જેમ કંસારે છલોછલ સાકર
અશ્રુભીની કલમ બને મુગ્ધ કરતાં દર્શન,
ને મઢે કાવ્ય આ કર

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | કવિતા | - પાર્થિવી | ૧ |
| ૨. | પ્રેમ | - પ્રતિષ્ઠા | ૨ |
| ૩. | ગોતાખોર | - પ્રિયા | ૪ |
| ૪. | પતંગિયાં | - પ્રતિષ્ઠા | ૫ |
| ૫. | કોશેટો | - પ્રિયા | ૭ |
| ૬. | બુલબુલ ! | - પાર્થિવી | ૯ |
| ૭. | ડાળ પર પંખી | - પ્રિયા | ૧૦ |
| ૮. | ચોખંડ | - પ્રતિષ્ઠા | ૧૧ |
| ૯. | પૂછવું છે... | - પાર્થિવી | ૧૨ |
| ૧૦. | મૃગજળ | - પ્રિયા | ૧૩ |
| ૧૧. | કોયડો | - પ્રતિષ્ઠા | ૧૫ |
| ૧૨. | ખબર છે... | - પાર્થિવી | ૧૬ |
| ૧૩. | વ્યંગ | - પ્રતિષ્ઠા | ૧૭ |
| ૧૪. | 'પિયા, ના બોલ' | - પ્રિયા | ૧૯ |
| ૧૫. | મહાભારત પછી | - પ્રતિષ્ઠા | ૨૦ |
| ૧૬. | ચહેરો | - પ્રિયા | ૨૨ |
| ૧૭. | કળિયુગ | - પાર્થિવી | ૨૩ |
| ૧૮. | કળિયુગના કાન્હ | - પ્રિયા | ૨૪ |
| ૧૯. | મારે તમને મળવું છે... | - પાર્થિવી | ૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૨૦. | પ્રેમપાશ | - પ્રિયા | ૨૬ |
| ૨૧. | પ્રેમનું પૂતળું | - પ્રિયા | ૨૭ |
| ૨૨. | વારતા રે વારતા | - પ્રતિષ્ઠા | ૨૮ |
| ૨૩. | પરીકથા/વાસ્તવિકતા | - પ્રિયા | ૩૦ |
| ૨૪. | ગૌતમને પ્રશ્નો | - પ્રતિષ્ઠા | ૩૧ |
| ૨૫. | ગૌતમને | - પ્રતિષ્ઠા | ૩૩ |
| ૨૬. | તો ? | - પ્રતિષ્ઠા | ૩૫ |
| ૨૭. | સપનું | - પ્રતિષ્ઠા | ૩૭ |
| ૨૮. | કમળ | - પ્રિયા | ૩૮ |
| ૨૯. | વસંત અને પાનખર | - પાર્થિવી | ૩૯ |
| ૩૦. | સંબંધનું અક્ષયપાત્ર | - પ્રિયા | ૪૦ |
| ૩૧. | રમકડાં | - પ્રતિષ્ઠા | ૪૧ |
| ૩૨. | થયું મને મન ! | - પાર્થિવી | ૪૨ |
| ૩૩. | રંગોળી | - પ્રિયા | ૪૩ |
| ૩૪. | સમાસ | - પ્રિયા | ૪૪ |
| ૩૫. | પ્રેમાલાપ | - પાર્થિવી | ૪૫ |
| ૩૬. | અનુભૂતિ | - પાર્થિવી | ૪૭ |
| ૩૭. | સ્વકૃતિ | | ૪૮ |



# કવિતા

એક કવિહૃદયમાં કવિતાના બીજાંકુર રોપાય છે.
વિચારો સ્ફુરે ને કવિતાનો જન્મ થાય છે.

અચાનક ઉમંગ અને ઊર્મિઓ ઊભરાય છે.
પંક્તિઓનું પાનેતર પહેરી કવિતાનાં લગ્ન થાય છે.

શીર્ષક રૂપી સિંદૂર પૂરી તે સૌભાગ્યવતી બની જાય છે.
અલંકાર અને વિશેષણો તેનાં શણગાર થઈ જાય છે.

અંત્યાનુપ્રાસ કે શબ્દાનુપ્રાસ તેની અટક બની જાય છે.
અલ્પવિરામ ને પૂર્ણવિરામના સહારે તે સંસાર તરી જાય છે.

શબ્દો સાથે તેને એવો તે પ્રેમ થઈ જાય છે.
કે શબ્દોને સમર્પિત થઈને તે જાતને ભૂલી જાય છે !
અર્થની પૂર્ણતામાં જ વિલીન થઈ જાય છે !

**– પાર્થિવી**



# પ્રેમ

બાજુમાંથી આવતો
એનાં નસકોરાંનો અવાજ
કાનમાં ત્રાડની જેમ
પડઘાય છે
એટલી વારમાં એ સૂઈ પણ ગયો ?
હજુ હમણાં સુધી તો
અમે ઝઘડતાં હતાં એકબીજાને નહોર ભરતાં
આ જો, હાથ પરની લોહીની ટશરો ય હજી લીલી છે.
આટલી ઝપાઝપી પછી
આમ જંપીને કોઈ સૂઈ કેમ શકે ?
તિરસ્કાર, નવાઈ ને ક્રોધ સાથે
ત્રાંસી નજર કરું છું
ત્યાં એ લીલી ટશરોમાં થઈ
સોંસરું ઊતરી જાય છે એનું સ્મિત
કવિતાની કોઈ સચોટ ઉપમાની જેમ અને ધારદાર નાકની બે બાજુએ
પતંગિયાની પાંખની જેમ

હળવેકથી ઢળેલી
એની પાંપણો જોતાં વિચારું છું
મારા સૂતેલા સિંહને
શું હું હજીયે પ્રેમ કરું છું ?

– પ્રતિક્ષા



# ગોતાખોર

આ મન તો ગજબનું ગોતાખોર છે મારું
કરોડો મોજાંની વચ્ચેથી પાછું શોધી કાઢ્યું
તાળું દઈને દફનાવેલ પટારામાંથી નામ તારું... આ મન તો.

વળીવળીને તેં આ જ શું પાછું માંડ્યું !
જીવતાં, મરતાં, ઊગતાં, આથમતાં
પળેપળથી જે માંડ હતું નિતાર્યું,
તોય પાછું સંધ્યાટાણે તે એ જ ધરી પખાળ્યું ?... આ મન તો.

અહો ! કૌતુક કેવું છે આ હું શું જાણું ?
કેટલું માર્યું, મનાવ્યું, રગડ્યું ને રિબાવ્યું
તોય થઈ જાય છે શીદ બસ તારું, એ શાણું ?... આ મન તો.

સાંભળ્યું છે કે અગસ્ત્ય તો પી જાય પૂરો દરિયો
ચાલને વધેરી દઈએ આ આયખું ને આખુંય મન મારું
યાચું કે સૂકવી દે એ એમાં અટવાતાં મોજાં, એ બાવરિયો,
ગળી શકે તો સારું તૂરું ને ખારું-ખારું નામ તારું... આ મન તો.

**– પ્રિયા**



# પતંગિયાં

એક દિવસ
એક ઝીણકડા અવાજે
મને વિચારેથી જગાડી
'એય !
સાંભળ, મારી સામું તો જો
હું-હું સુખ ! તને મળવા આવ્યું છું.'

'અરે આ બાજુ
અહીં...
તારા નાક પર.'
જોયું તો મારા નાકને ટેરવે
એક સુંદર, ટચૂકડું રંગરંગીન પતંગિયું !
'ચાલ, રમત રમીએ'
એણે કહ્યું 'પલક ઝપકની રમત
આપણે બંનેએ એકમેકની સામે જોવાનું
અનિમેષ.
તારી પલક ઝપકે પહેલાં તો તું હારી
ને મારી ઝપકે તો હું તારું-હંમેશને માટે.'

'ચાલ' કહી મેં
બેય કીકી નાકને ટેરવે બેઠેલા

પતંગિયાની ઝીણી
આંખો સામે ટેકવી, ત્યાં તો
એકમાંથી બે, બેમાંથી ત્રણ, ચાર, પાંચ, છ...
આટલાં બધાં પતંગિયા ! સુખનાં પતંગિયાં !
આમાં પેલું ખરું પતંગિયું ક્યાં ?
પણ પલક ઝપકે તો હું હારું !
ક્યાંક સુખ મારું ન થયું તો ?
મન મૂંઝાય છે
કીકીઓ ચકળવકળ
ફરે છે, થાકે છે, રડે છે
ખેલ પૂરો થતો જ નથી
નજર સામે એક, બે, ત્રણ, ચાર...
અગણિત સુખનાં પતંગિયાં સ્થિર આંખે
ઊડાઊડ કરે છે રાહ જોતાં મારા હારવાની
અને હું સુખને હંમેશ માટે મારું કરવાની
રાહ જોતી અપલક...

— પ્રતિષ્ઠા



# કોશેટો

પીપળના પાન નીચે જાળું
લટકે તંદ્રામાં ઝૂલતો કોશેટો
બીડેલી આંખો શમણાંથી ખીચોખીચ
ટપકે, ઊંધા-ચત્તા, અટવાતા પાંપણમાં દિન-રાતો.

ઘડી-ઘડી એ ઊંડો સરતો દીન
ખોવાયો લીન સ્વપ્નોની સમાધિમાં
મથે સત્ય થવા એકાકાર એની સૃષ્ટિમાં

મનમાં મહેકતાં ફૂલોની ખુશ્બૂ અંદર
તરબતર એ ચહેકતી કોયલોના સૂરમાં
લચેલા વનમાં જીવનનો આનંદ
લૂંટતો ફરફર ઊડે એ પવનમાં
કોને છે ગતાગમ, બહારના ભેંકારની ? શેનો છે વળી પેલો સૂનકાર ?

કૂદી આવ્યો એક ચકલો, ખરી પડ્યું પીપળ પાન
લહેરાતો કોશેટો થયો ભોંયભેગો ચત્તોપાટ

દોડ્યો નાનો બાળ, પીચકાયું પગ નીચે પાન
લોહીથી લથબથ જાળું, રહ્યુંસહ્યું વીંખાયું !

પણ તંદ્રા ક્યાં છે તૂટી ? બીડેલી આંખો તો વધુ ઘેરાણી
ફૂંકાણી અજાણી આનંદની અવધિઓ
કોશેટોને તો ભાઈ, સમાધિમાં ફૂટી પાંખો !

– પ્રિયા



# બુલબુલ !

એક બુલબુલ ડાળી પર લટકતું'તું
એની મસ્તીમાં અલ્લડ મટકતું'તું
પેલી કોયલના ટહુકે નાચતું'તું,
પેલા મોરની સંગાથે થનગનતું'તું

બગીચાની રૂપકડી દુનિયામાં આમતેમ વિહરતું'તું
પેલા માળીને આવતો જોઈ થોડું થોડું ડરતું'તું
માળી અને ડાળીનાં સંબંધને તે જાણતું'તું

હવે... અચાનક... ખચક... કડડડડ...

એ બુલબુલ હવે, ડાળી વગર લટકતું'તું
ખરેખર તો તે હવે ભટકતું'તું !

**– પાર્થિવી**



# ડાળ પર પંખી

યોગાગ્નિમાં જાત બાળી
રાખમાંથી વળી જન્મ્યું
જીવે એ અખંડિત
અગણિત તારા-મારા સમૂહમાં
એ ચાલતું ધપે છે આગળ
આવી પહોંચે છે
એક લીલાછમ બાગમાં
આમ તો ઊંચી ઉડાણ તાગવા નિર્માયું છે, એ પાગલ
અત્યારે ચણે, ચૂમે, ચૂસે છે વાગોળે મીઠાં જળ
હરણફાળ ભરી, ફરી ચગવા, આસમાની તેજ અંતરે ઝીલવા
લીલા, પીળા, કથ્થઈ મેદાને એ કરી રહ્યું શિકાર,
અહો! રૂપકડો તજ્જ્ઞ કલાકાર
એ કુદરતી ચગદી જાણે
મગતરાંઓને
જે કોરી ખાય
હ ચાક ને
હિ કૂ
યા ણાં
ળી વા
સહુનાં અંતરે વિહરતું આ વિહંગ, કરતું જીવતર તરબતર..... વે ત ર

- પ્રિયા

# ચોખંડ

તારી આજુ બાજુ ફરતાં ફરતાં ક્યારે તને દેવ માની બેઠી
સમજ્યું જ નહીં ! પણ હવે આ મહત્ત્વના રોજરોજના પૂજાપાઠ તને ધરાવવાના
સમય સમયના નાના મોટા થાળ, બધાંથી હું થાકી ગઈ છું.
નથી કર્યા કરવું મારે આ ચક્કરમાં—

નીકળી જવું છે બહાર આમાંથી અને બનાવવો છે
મારો એક નાનકડો
ચો.... ખં.... ડ
મારો પોતાનો
નાનો શો ચોખંડ

— પ્રતિષ્ઠા



# પૂછવું છે...

મારે પૂછવું છે સૂરજને કે,
રજકણો પર પથરાઈને
તેને શું મળતું હશે ?

મારે પૂછવું છે પવનને કે,
આ વન વગર લહેરાઈને
તેને કેવું લાગતું હશે ?

મારે પૂછવું છે સાગરને કે,
એનામાં ગરકાવ થતી નદીઓને
તે શી રીતે ઓળખતો હશે ?

મારે પૂછવું છે પાંખડીઓને કે,
કોક પાખંડીના ગળે લટકીને
તેને શું થાતું હશે ?

**— પાર્થિવી**



# મૃગજળ

ઝરઝરતા ઝાંઝવાનાં નીર શું પીધાં છે ?
ટળવળતાં સ્વપ્નોનાં અશ્રુ શું ઝીલ્યાં છે ?

વહી વહી તે ઊતર્યાં છે ભૂગર્ભે, ભરે મૃગજળની કૂખ.
તે તૃષા નહીં છિપાવે, કિન્તુ ઉઘાડી જશે આદમખોર ભૂખ;
ઝબોળી દેશે ઊંડા, અશ્રુની અંદર ખાલી મુખ.

કૃપા છે કે મૃગજળ પોતે જ દૂર દોડે છે;
જેટલાં નજીક જાવ, એટલાં વધુ દૂર થાય છે.

બાબા આદમ, ભૂલ પાછી ના કરતા; કદી ઝાંઝવાં પાછળ ન ઝૂરતા,
હાથ જો લાગી જાય એ ઘેઘૂર જળ, તો દોડજો દૂર એ જ પળ;

નહીં તો, દાઝીદાઝીને તમે તો જીવશો
ને રાખ થઈ જશે પેલાં ટમટમતાં સપનાં
રમતાં રૂપેરી પતંગિયાં મરી જશે
રેતીમાં ભમતા એ કણા થઈ કચરી જશે
ટપટપ બુંદો સરતી જશે

એ પણ ખારાં મૃગજળ બનતી જશે
ડુબાડી જશે આપણને પૂરા !

એ કાંઈ જળ નથી, એ તો કો'કે ચાખી ચૂસીને
થૂંકી દીધેલો વિખૂટો હળાહળ પ્રેમ છે !
બળબળતો, ચકમકતો લાવા છે એ
વિષની નાગચૂડ છે, જીવજો જોજન દૂર, છૂટીને !

**– પ્રિયા**



# કોયડો

ઈશ્વરને એક દિવસ સૂઝી રમત
ને એણે મૂક્યા મારી સામે રસ્તા
ને પછી સામે આવીને
કહ્યું કરતાં ગમ્મત
'જા, લઈ લે તને જે હોય ગમતા.
લે તારી સામે મૂક્યા મેં આ રસ્તા'
આંખો પહોંચે ત્યાં લગી ફેલાતા રસ્તા
ને રસ્તાની આગળ પણ રસ્તા
એકમાંથી બે ને બેમાંથી ચાર
એમ ફંટાતા ચાલ્યા એકસરખા
આ ઈશ્વરે મૂક્યા તે રસ્તા
રસ્તાનાં જાળાંને છેવાડે
એણે ટમટમતું મૂક્યું એક સપનું
કોયડામાં એક છેડે મૂંઝાયેલી જિંદગી
તો બીજે ઊભું છે એક સપનું
હું તો હારી, વળી
લો ઉકેલશો તમે
કહો, કેમ કરી
જિંદગી પહોંચાડશું સપના સુધી ?

— પ્રતિષ્ઠા



# ખબર છે...

મંદિરમાં બેઠોબેઠો તું મલકાય છે શાને,
ખબર છે...
દર્શનાર્થીઓની ભીડથી તું કાંઈ
ભીડમાં મુકાવાનો નથી !

બક્ષિસની પેટીઓ છલકાય છે શાને
ખબર છે...
એ ગણીગણીને તું કાંઈ
આશીર્વાદ આપવાનો નથી !

પ્રસાદની છાબડીઓ વહેંચાય છે શાને
ખબર છે...
ખોટા સાદને તું કાંઈ
ગણકારવાનો નથી !

આ ફૂલોના ઢગ વચ્ચે સંતાય છે શાને
ખબર છે...
આ કળિયુગમાં તું કાંઈ
યુગપુરુષ થવાનો નથી !

**— પાર્થિવી**



# વ્યંગ

ક્યારેક ક્યારેક
મને તારી એકેએક રીતથી ગુસ્સો આવે છે
તારું ચંપલ ઘસડીને ચાલવું
ભાર દઈ, ચીપી ચીપીને બોલવું
સાંજે લાંબા થઈ ટીવી મચડ્યા કરવું
ગાલ નીચે મોબાઈલ ને બાથમાં ઓશીકું
ભીડીને સૂવું, સાચે જ
ક્યારેક ક્યારેક મને
તારી એકેએક રીતથી ચીડ ચડે છે
થાય છે
દૂર ચાલ્યા જવું છે તારાથી
ખૂબ દૂર, એટલે દૂર કે પાછી જ ન આવું
ક્યારેક ક્યારેક
તારી હાજરી માત્ર મને અકળાવે છે
થાય છે
બસ એકલાં જીવવું છે

ઉપાડીને જવાબદારી
મારાં પોતાનાં સુખ-દુઃખની
અને પછી માથું ઊંચકીને
હવામાં લગભગ અધ્ધર
અહંકાર સાથે ચાલવું છે મારે કોઈના આધારની આશા ય વિના
અને છતાંય પ્રેમ તો તને કરતી જ હોઈશ હું...
કારણ ક્યારેક ક્યારેક
એવું પણ થાય છે કે મારે દોડીને તારી સોડમાં લપાવું છે
હસવું છે, ખીલવું છે,
સાથે ને સાથે જીવવું છે
બસ, એક તારી જ સાથે જીવવું છે !

– પ્રતિષ્ઠા



# 'પિયા, ના બોલ'

મલકતું મંદમંદ સ્મિત ભરીને માંડેલી ભીની મીટ
ધબકતી ધીરી ધીમી પ્રીત, પડઘામાં શમતા દીપ
દૂર ઢબૂકતા ઢોલ, ચૂપચાપ સંકોરાતા મનમાં પિયાના બોલ.

જીવે છે એ હજી ત્યાં જ સ્થગિત. ભલે ને રવિના રમણમાં,
ભ્રમણ કરે રાત ને પાછા પ્રભાત. પોપચાનાં છે ઝાકળ સ્થિર.
મૂઢ, મૂંગી, અબોલ ઊભી જ્યાં પામી'તી એક પળ પ્રીત.

શ્વાસ ચાલે, જાત ચાલે, હાથ ચાલે, પ્રદેશે સૌ ઠીક.
અંતરના ઉંબરમાં વાગે એક છાનુંછપનું ગીત
ઉચ્છ્વાસમાં રમતી પ્રીત, સજોડે સરકતું સંવાદી સંગીત

બંધ નયને ધ્યાન ધરતી, શોધે વિષના પ્યાલે ટીપું અમૃત.
માણે મનનો મેહ, મરતો ચાલે દેહ, આસક્તિ નવનીત.
સ્વપ્નોની હોળીની ચોળી બેઠી ભભૂત, ધ્યાન ધરે પ્રદીપ્ત.

થીજેલા વંટોળ, નીરવ ઢોલ, શાંત ચકડોળ, પ્રીતની રીતમાં ચિત્ત તરબોળ
બસ ! મૌનની ધૂનમાં વિરક્ત તું ડોલ. ચિત્ત ના ચોર, પિયા, ના બોલ !

– પ્રિયા



# મહાભારત પછી

"ક્યારેય નમતું ન જોખવું ?
લડતા રહેવું
પોતાની જાત ખાતર."
તેં કહેલું ને હું લડી, લડતી રહી
નસીબ, મા-બાપ, સમાજ
એક પછી એક
કોની કોની સાથે ?
આખરે યુદ્ધ પૂરું થયું
મળ્યું જે માંગ્યું'તું.

મહાભારત પછી
ભેંકાર કુરુક્ષેત્રમાં ઊભેલા અર્જુનની જેમ
અરીસા સામે ઊભી
તો અજાણ્યું એક પ્રતિબિંબ
તરડાયેલું, ચીંથરેહાલ, ભાંગ્યું-તૂટ્યું
મારું પ્રતિબિંબ ???

સ્પર્શીને પામું ત્યાં

તડ્... તડ્... તડ્... તડ્... તડ્... તડ્ડ્ડ્ડ્ડ્...

અચાનક અરીસામાં

અગણિત તડ ?

એક ક્ષણમાં નજર સામે

ભાંગીને ભુક્કો થઈ જતું અસ્તિત્વ

કોનું ? મારું કે અરીસાનું ?

પછી

કણકણ થઈ ગયેલા કાચમાં પ્રતિબિંબાતી રહી જિંદગી

વિજયપદ્મ સમી જિંદગી,

મારી પોતાની જિંદગી,

મારા પોતાના હાથમાં,

મારી જ હાંસી ઉડાવતી જિંદગી,

મહાભારત પછી.

— પ્રતિષ્ઠા



# ચહેરો

બસ ગમે તે કરો તો યે ઊભરતો એક ચહેરો
હસી હસીને એક મલકતો ચહેરો
એની પાછળ એક છણકતો ચહેરો... બસ ગમે તે.

ઊગીઊગીને રોજ એક આથમતો ચહેરો
ખળ દડ ખળ દડ એક ખખળતો ચહેરો
ચહેરાની પાછળ અરીસાનો ચહેરો... બસ ગમે તે.

અરીસાના ચહેરામાં પ્રતિબિંબાતો એક સુંદરીનો ચહેરો
પૂછે છે અરીસાને કે'ને કેવો છે મારો ચહેરો ?... બસ ગમે તે.

એક દિ' બોલી પડ્યો જડ જેવો અરીસો
જાને નિહાળને રૂપકડી તપખીરિયા છાંટા
જો દેખાય લસરતાં તારી બોલકી આંખોમાં... બસ ગમે તે.

ડૂસકાંમાં ડોલતી એ દે છે જવાબ કે સુંદર તો તું એક જ છે,
વ્હાલા ! બીજા ચહેરા તો છે જાણે અગણિત તારા
ખરી પડે, ને રોજ જન્મે પાછા નિતનવા... બસ ગમે તે.

જગમાં એક જ છે અખંડ, અનંત ને અજોડ
રૂડો એક ચહેરો જે મન આખાયમાં મંડાયા કરે
ભૂંસી નાખો તેમ વધુ ગૂઢ ને ગહેરો બને... બસ ગમે તે

**– પ્રિયા**



# કળિયુગ

આ કળિયુગમાં મોર વરસાદમાં
નાચી નથી શકતો,
કારણ તેને ચિંતા છે કે મારાં પીંછાં
ભીંજવાઈને તેનો રંગ તો નહીં ઊતરે ને !

કોયલ મન મૂકીને ટહુકી નથી શકતી કે,
તેના ટહુકાનું કોઈ 'રિમિક્સ' તો નહીં કરે ને !

કામણગારાં પતંગિયાં ફૂલેફૂલે ઊડીને રસપાન
નથી કરી શકતાં કે,
તેમાં જંતુનાશક 'ડી.ડી.ટી.' તો નહીં હોય ને !

વાદળ મન મૂકીને ગરજી નથી શકતાં કે,
આ ધુમાડિયા પોલ્યુશનવાળા વાતાવરણમાં
તેનો અવાજ તો નહીં બેસી જાય ને !

પવન તેની ગતિ પકડી નથી શકતો કે,
આ ટ્રાફિકજામમાં હું ભરાઈ તો નહીં જાઉં ને !

અરે, આજે માણસ માણસ પર વિશ્વાસ નથી મૂકી શકતો કે,
આ 'દીદી' આ 'ભાઈ' આ 'બાપુ' મને
પતાવી તો નહીં નાખે ને !

**– પાર્થિવી**



# કળિયુગના કાન્હ

આપણે કદમ્બ નીચે શું પહોંચ્યાં,
અને તમે તો કાન્હ થઈ ગયા !
ચાર ચુંબન ચોડી, ચતુર
તમે તો સુંદરકાંડ કરી ગયા !

મેં તો ભજ્યા'તા તમને
ભવભવના ભરથારના ભાવે,
તમે તો ભૂતની જેમ ભેટી
અચાનક અંતરધાન થઈ ગયા !

મેં તો સ્વપ્નો સેવ્યાં'તાં કે અનંત લાલ-ગુલાબી ચીર પૂરશો
કોરો કેસરી ખેસ અપાવી તમે તો ક્યાંય ખસકી ગયા !

મનમાં મૂકી રાખી'તી મધુર માખણની મટકી,
શીદને એ ખોલી, ને આમ પટકી ગયા ?

જાવ હવે, રમવું નથી આ ત્રાટકનું નાટક,
તૂટી ગઈ છું હવે તાંડવમાં તાલ મિલાવતાં !

**– પ્રિયા**



# મારે તમને મળવું છે...

મારે તમને મળવું છે.
ટહુકામાં ઓગળવું છે !

દુનિયાના બેરંગી રંગો ભૂલીને
બે-ચાર ઘડી ડાળી પર ઝૂલીને
શબ્દોના મૌનમાં મલકવું છે... મારે.

શમણામાં ચૂંટેલાં ફૂલોની સુગંધને
જીવનરૂપી ક્યારીમાં રોપીને
શ્વાસના વિશ્વાસમાં જીવવું છે... મારે.

સત્ય અને અસત્યથી પર થઈને
મહાસત્યમાં ડૂબકી દઈને
પ્રેમનો મરજીવો બનવું છે... મારે

મારે તમને મળવું છે,
ટહુકામાં 'નીતરવું' છે !

**– પાર્થિવી**



# પ્રેમપાશ

ટમટમતા દીવડાનો પાંખો પાંખો ઉજાસ
ઝાંખી ભ્રમરો પર સરતી તર્જનીમાં ઉલ્લાસ
પ્રેમાકૃતિ વળીવળીને ઝળહળે, પ્રજવળે અંતરમાં ઉન્માદ

જીવે સતી પૂર્ણ એકાંતમાં, છતાંય ઉચ્છ્વાસ ઓતપ્રોત મિલનના મિજાસમાં
જાણે બિડાયેલા કમળે રૂંધાતો ભ્રમર સજતો મૃત્યુના લિબાસમાં
સીવી જાણી વાચા સતીએ, છે બદ્ધ સજ્જડ પ્રેમપાશમાં

જીવતરે ચોધાર વરસે અનરાધાર વિરહની ભડભડ આગ
જ્વાળામાળાથી શોભતી સતીના મનનો કોઈને ક્યાં છે તાગ ?
પાનેતરધારી એ માનસીના હસ્તકે કંસાર, કુમકુમ થકી શૃંગારી છે માંગ.

અંતરે મલકે છે અલૌકિક મધુરજનીના નિતનવા આહ્લાદ
ભલે ને વાસ્તવે ઘેરી વળ્યા છે, સતીને એકલતાના વિચિત્ર સાદ
યમપાશથી એનો તૂટક તૂટક શ્વાસ, છતાં અકબંધ એક વીરલ વીશ્વાસ

પાડો ઢસડતો જાય 'સત્ય'ને દૂરદૂર, અનુસરે પ્રેમગતિએ ભાગતી વિરલી મગરૂર...
પ્રેમપાશથી કરવો છે વશ બ્રહ્મપાશ, બસ ઓટ પછી ખાલી એક ભરતીની આશ !

**– પ્રિયા**



# પ્રેમનું પૂતળું

'ને પાછો દદડી પડ્યો પેલો પ્રેમાલાપ; દેવીનાં ભીનાં નેણ
મધુરું મંદ મીઠું સ્મિત, અમૂલા પડઘાતા મનમાં ધીમાં કહેણ
સોંસરતાં આરપાર, સ્નેહનાં આછાં-પાછાં વહેણ
મેઘધનુષી આભ, વાતુડા, વંઠીલા વીર, કેવા વાગતાં એનાં કહેણ !

લપાય એનું આખું ય અસ્તિત્વ, સત્ય-અસત્ય, ઠાવકા હૃદયે વેણ
આવેશે છુપાતાં અજવાળાં, ડોકાતાં પ્રતિબિંબ, અંધારાં નેણ
ન રહી એને કાંઈ ગતાગમ, પૂરી થઈ પરીકથા ને જીવન છેણ-ભેણ.

જીવવું 'તું પરીકથામાં, લસલસતાં નેણના ઘેનમાં
રાચવું 'તું હજી રાજીપામાં, માણતાં વહેણ એમના કહેણમાં
મદમસ્ત મન મૂકીને પ્રેમમાં, ડોલવું'તું ઢેલને થનથન મોરમાં
ચિત્તના ચબૂતરે, પંખી થઈ સોડમાં, સ્પર્શની લેણદેણમાં

ત્યાં તો સણસણતો ત્રાટક્યો તીર તણખો, 'ને રાખ રહી વેરાન પ્રદેશમાં
વાસ્તવે વળ્યા દેવી, પારખ્યાં 'પ્લાસ્ટિક', પકવેલાં મોતીના વેશમાં
'ને ઉપહાસ ટપકી પડ્યો, લાકડીના ટેકે પૂતળું, કોરાં સૂનાં નેણ !

– પ્રિયા



# વારતા રે વારતા

મા, એકલવ્યએ અંગૂઠો કાપી આપ્યો
તો એને દુઃખ્યું નહીં ?
એને લોહી ન નીકળ્યું ?
એ રડ્યો નહીં ?

શું વારતા પૂરી થઈ ગઈ ?
એના મનમાં હજુ આતુરતા છે
એની આંખોમાં પ્રશ્નો છે.
વારતા અધૂરી છે

એને બાકીની વારતા સાંભળવી છે,
ન-કહેવાયેલી વારતા


હાઉવાઉ... હાઉ... હાઉ...
કોણ જાણે ક્યાંયથી ભસતા
શ્વાનના એ અવાજ એનો પીછો કરે છે
જાતની દયા ખાતાં
ત્રણ-ત્રણ દિવસ વીતી ગયા.
ડાબા હાથ પાસે કામ લેવામાં,
અને જમણા હાથની આંગળીઓને વગર અંગૂઠે
જીવતાં શીખવવામાં જ
દિવસો પૂરા થયા.
એમાંયે કોણ જાણે ક્યાંયથી

પીછો કરતા પેલા શ્વાનના અવાજ
હાઉવાઉ... હાઉ... હાઉ...
આજે તો એણે કંઈક કરવું જ રહ્યું
હવે
હાઉવાઉ... હાઉ... હાઉ...
કોણ જાણે ક્યાંયથી
એનો પીછો કરતા પેલા શ્વાનના અવાજ
નથી સહન થતા કે નથી અવગણી શકાતા

એણે તીરકામઠાં શોધી કાઢ્યાં
પીપળા નીચે પડેલી
દ્રોણની મૂર્તિ
બરાબર વચ્ચે ગોઠવી
બસ એકમાત્ર મૂર્તિ,
એકમાત્ર મૂર્તિ જ
બીજું કશું જ અસ્તિત્વમાં નથી
એનો ડાબો હાથ
સ્વાભાવિક સરળતાથી
કામઠું પકડે છે
જમણી ચાર આંગળીઓ પણછ ખેંચી
નિશાન તાકે છે

અને એક, પછી એક...
પછી એક...
અગણિત તીર મૂર્તિનું મ્હોં વીંધી રહે છે
અને શ્વાનના અવાજ
દૂર અને દૂર
ધકેલાતા જાય છે.

— પ્રતિષ્ઠા



# પરીકથા / વાસ્તવિકતા

ભોંઠું સપનું નીચાં નયને ભોંયે પડેલી ભૂમિ ખોતરે
કોતરે ઊગી ઊઠ્યો, અટૂલો એકલો સૂર્ય દૂર
સ્થિર કિરણોથી પ્રબળ, અવસ્થા એની કેવી પ્રખર !

ખોતરેલા ઘામાંથી દડદડતાં ટપકાં
જાણે કોઈ ખરતા તારાના તડતડતા તણખા,

ભાસ્કરના ચુંબકમાંથી ચ્યુત થઈ સરતી ધરા
ફંગોળાતી, ઓગળતી, ખસકતી એના ભ્રમણની કક્ષા,

સ્વપ્નોની સૃષ્ટિમાં હવે બેસી પડેલી હાંફતી ‘એલિસ’
એનાં ચકળવકળ ચાતકની તરસી ચાંચ, ’ને ફાટતી આંખ

બસ ! શ્વાસ થંભી ગયા, ‘ત્રિશંકુ’ના અંકુશે વાસ્તવિકતા જડવત્
તરડાયેલી પાંખોવાળી ટળવળતી પરીઓ માત, બને સ્વપ્નવત્

છતાં યે, એક અખંડ અસ્તિત્વ બધાંથી પર, મગ્ન ને સ્થિતપ્રજ્ઞ.
પોતાના લયમાં અલય, અપલક વરસતાં નયને,
બસ, ખોતરે ધરા; ખંડિત સ્વપ્ન સ્તબ્ધ !

– પ્રિયા



# ગૌતમને પ્રશ્નો

ગૌતમ,
મારું નામ રાહુલ.
હા, એ નામે જ કવિતા લખું છું
તમારા દીકરાના નામ પરથી જ - રાહુલ
જો કે તમારો રાહુલ એન્જિનિયર નહોતો.
કે નહોતી તમારી યશુ ડૉક્ટર
કે નહોતી તમારા બે વચ્ચે કોઈ અનબન

પણ અમે બંને ભાઈ
ભાઈ જ સ્તો
તમારા હાથની આંગળી ઝાલ્યા વગર જ
ચાલતાં થઈ ગયાં
તમારી વહાલભરી ચૂમીઓ વગર જ
ઊછરી ગયા
તમારી શાબાશી વગર જ
હંમેશા વર્ગમાં પ્રથમ રહ્યા
ને તમારા વગર પણ
ખુમારીથી જીવતાં શીખ્યા

પણ આજે,
'ગૌતમને પ્રશ્નો'

મારાં ચાર કાવ્યોને મળેલો
પુરસ્કાર સ્વીકારવા જાઉં છું
તો અચાનક
વરસાદી દેડકાંની જેમ તમારી સ્મૃતિઓ ફૂટી નીકળે છે
પગ જરાક અટવાય છે, આંખે થોડી ઝાંખપ લાગે છે.
ને આ રાહુલને ખૂબ ચીડ ચડે છે
પોતાની જાત પર, કોણ જાણે કેમ
આજે એને એના બાપની ખોટ સાલે છે !

— પ્રતિષ્ઠા



# ગૌતમને

બસ કરો ગૌતમ
હું તો માત્ર તમારું મ્હોં જોવા જ આવી છું
અંહં...
કોઈ જવાબ નથી માંગવા
આટલાં વર્ષે હવે ?
તમે ગયા પછી મેં શું સહ્યું
લોકોએ શી-શી વાતો સંભળાવી
આપણા રાહુલે ય કેવા કેવા પ્રશ્નો પૂછ્યા
નથી ઉખેળવું હવે એ બધું
તમે પણ રહેવા દો
આ કારણોની યાદી
જીવનની સાંજે
મારે નથી સમજવો સંસારનો સાર
જ્ઞાનની પિપાસા યે મને નથી
અને આ નિર્વાણનો બોધ પણ રહેવા દો
તમારા શિષ્યોને સમજાવજો, ગૌતમ...

ગૌતમ... ગીતા તો અર્જુનને સંભળાવવાની હોય
રાધા પાસે તો કૃષ્ણ પણ
વાંસળી જ વગાડતા
પ્રેમ તો મેં પણ ક્યાં ઓછો કર્યો 'તો?
પણ તમે કદી
ગોવાળિયા ન બની શક્યા, ગૌતમ !
ન બની શક્યા !

— પ્રતિષ્ઠા



# તો ?

ફિક્કું ગૌર મુખ
લાડ કરતાં ફરફરતાં
વાંકડિયા શ્યામ કેશ
મોં પર હજુય રમતું
નટખટ સ્મિત.
બસ માત્ર છાતી જંપી ગઈ છે
શ્વેત વસ્ત્રમાં વીંટળાયેલ
બાળરાહુલનું શબ લઈ...

ગૌતમે ગભરાતાં ગભરાતાં નજર મેળવી
ઠપકો, તીખો તિરસ્કાર કે
વહીયે ન શકે એવી ભારોભાર વેદના લઈ
ઊભેલી પ્રશ્નાર્થચિહ્ન સમી... યશોધરા.

'જે ઘરમાં કોઈ મૃત્યુ ન થયું હોય
ત્યાં જઈ રાઈના દાણા લઈ આવ.'

હોઠ સુધી આવેલા શબ્દો
એ શા સારુ ગળી જઈ રહ્યા ?
જે પહેલાંય કહ્યું હતું
તે આજે કેમ નહોતા કહી શકતા ?

માથા પર
પ્રસ્વેદબિંદુ તગતગી રહ્યાં
ગૌતમે પગના અંગૂઠે ચૂંટલી ખણી... આહ !
શું સ્વપ્ન છે ? શું વાસ્તવિકતા ?
કંઈ જ સમજી નથી શકાતું
બસ પડઘાય છે ગૌતમીના શબ્દો
'આની જગ્યાએ તમારો દીકરો હોત તો ?'
'તમારો દીકરો હોત તો ?'
'દીકરો હોત તો ?', 'હોત તો ?', 'તો ?'
'તો ?'

– પ્રતિષ્ઠા



# સપનું

ગૌતમને એક' દિ સપનું આવ્યું
ને સપને આવ્યાં સીતાજી
'ક્ષમા કરો બુદ્ધ' કહી એ બોલ્યાં
'દઈ દો ઉત્તર આજ
એ ઘુંટાતા પ્રશ્નનો
જે આજ લગી પૂછ્યો ન એમણે
જે સૌ હજુય નિંદે મારા રામને
એમને તો ધોબીનાં કહેણનું યે બહાનું
પણ તેં છોડી યશોધરા શીદને ?'

'અરે વગડે શું શોધવા'તા ઉત્તર એ વાતના
જે પજવે આ સંસારીજનને
પૂછ્યું યે હોત મને
ન જડ્યું અહીં કંઈ
ચૌદ-વીસ વર્ષ પછીયે વનવાસે !
મેં તો માનો રામને કરી દીધા માફ
પણ શું કરશે યશોધરા તમને ?'

ઝબકી, જાગી, જુએ ગૌતમ
ખુદને પામે બોધીવૃક્ષ નીચે
'માયાની બીક બધી' કહી
એ મથે ફરી મનને પરોવા નિર્વાણે.

— પ્રતિષ્ઠા



# કમળ

આ કમળ હવે અકળાય છે, એને ખુદને પલળવું છે.
'અફળાવું મારે અમળાવું છે, ગુંગળાવું, ગભરાવું છે'
- એ કહી કહીને કરમાય છે... આ કમળ હવે.

નીરવ નીર નિચોવી નાખી, કોરું કોરું કતરાય છે.
'ભીંજાવું મારે ભટકાવું છે, પીંખાઈને પીચકાવું છે'
- એ સહી સહીને શરમાય છે... આ કમળ હવે.

દામોદરની દોરી તોડી, હવે ખુદને શીદ બંધાવું છે !
'ગળાડૂબ ડૂબવું છે મારે, રુદનથી રૂંધાવું છે'
- એ રહી રહીને હવે રહેંસાય છે... આ કમળ હવે.

તેલ સુગંધી બાંધે ચોળી, સાગરમાં ગર થાવું છે.
ફંગોળાતાં, ફટકા ખાતાં સામા વહેણે તરી જાવું છે.
પછડાટોને પછાડીને બસ, જીવન સર કરી પાવું છે.

લાખો ફેરા કાઢી નાખ્યા, હંમેશા કળી બની કમળ મૂરઝાયું 'તું
આ ફેરે એને ઝઝૂમવું છે, મૃત્યુને મૂંઝવવું છે, જીવન ખૂબ ઊજવવું છે.

– પ્રિયા



# વસંત અને પાનખર

વાદળ ઘેરાયાં યાદોનાં અને
વિરહની વર્ષા વરસી...

વીજલડીના ચમકારે ચમકારે
આંખોના બંધ તૂટ્યા
આંસુનાં પૂર ઊભરાયાં
વાવાઝોડું લાવ્યું
એકલતાનું તોફાન !

પવનના સુસવાટે સુસવાટે
હૈયામાં શ્વાસ ખૂટ્યા
ધીરજે ધરણાં છોડ્યાં
વસંત અને પાનખર
એ જ જીવનનું સોપાન !

— પાર્થિવી



# સંબંધનું અક્ષયપાત્ર

અક્ષયપાત્ર કાંઈ અડધું ન થાય
રામબાણ ક્યારેય ખાલી ન જાય
બોલ કદી બહેરાને વાગી પણ જાય
અફળાતો અંધાપો દૂર દોરી બી જાય !

રેતીમાં રમતાં જડેલો પોલો છીપલો
ક્યાંય સળવળી સંતાતો ચાલી બી જાય
અથાગ વલોણે ઊભરેલું અમૃત ક્યાંક
નીલકંઠના રામ રમાડી બી જાય !

જીવનના વનમાં અળસિયાંનાં ઈંડાં
વરસાદી પાંખો ફફડાવી બી જાય!
આગિયા, પતંગિયાં, એક રાતનાં જંતુ જીવડાં
ચંદ્રની સોળે કળા ક્યાંક માણી બી જાય !

દૂર ડાળડાળ ફાગતાં મધુવનના મરકટને, કાં'ક માધવ-મીરાંની ઝાંખી બી થાય
સંબંધોની અશ્મિની ભળતી ભૂલામણ, પણ મનની મથામણ કંઈ પૂરી ન થાય !

— પ્રિયા



# રમકડાં

ઘણીવાર
હું વિચારું છું કે
જો તું બાળપણમાં
ઈમ્પોર્ટેડ અનબ્રેકેબલ,
પ્લાસ્ટિકના બ્લોકસને બદલે પેલા જરાક જોરથી
જમીન પર મૂકતાં
તૂટી જાય એવાં માટીનાં રમકડાંથી
રમ્યો હોત :
સંભાળી, સાચવી,
હળવે, હળવે
જતનથી જાળવીને
કોઈ ચીજ ઊંચકવાની, માણવાની, રમવાની
તને ટેવ હોત
તો શું
આપણો સંબંધ જુદો હોત ?

— પ્રતિષ્ઠા



# થયું મને મન !

શબ્દોના સથવારે, પંક્તિના પલકારે
મળવાનું થયું મને મન...

શબ્દો બનીને તારા હોઠોને સ્પર્શીને,
પંક્તિના પ્રવાહે રાચું
વહાલના વિશેષણે લજાવા કાજે
મળવાનું થયું મને મન...

સાહિત્યની બારાખડીના અલંકારો પહેરીને,
પ્રેમનું વ્યાકરણ જાણું
આ અઢી અક્ષરમાં ખોવાવા કાજે
મળવાનું થયું મને મન...

તારી કવિતાની પ્રેરણા બનીને,
પૂર્ણવિરામને માણું.
આ અર્ધવિરામમાંથી નીકળવા કાજે
મળવાનું થયું મને મન...

**– પાર્થિવી**



# રંગોળી

ટપકાં, ડપકાં, ભપકા ને ભાતભાતના રંગ
વાદળી સાથે કેસરી, સોનેરી ને જાંબુડિયો સંગ
સૌ તોરીલા સાથે મળી બનાવે રંગમંચ
રૂપેરી ને તપખીરિયો, કરે ભેદરેખા ભંગ
ડહોળો ડહોળો ઉમંગ, વેરાતાં રંગોળીના રંગ...

જેવો રંગોનો વેશ વેરાય સૃષ્ટિમાં, વસે તેવો અંગેઅંગમાં
નયન નીરખ્યાં કરે અંદર, ડૂબે ભાતભાતના પ્રસંગમાં
કાંઈક તો મળે જ કાળું, તો ક્યારેક નીખરે તેજ પંડમાં
કશેક રંગાય તો ક્યાંક ધોળાય, રાગ-વિરાગ રમે સંગમમાં...

અલ્લડ, રંગરંગીન, અલમસ્ત રેખાઓ એકમેકની સંગ
મુઠ્ઠીમાં બંધ ઓગળતા સંબંધ, સ્પંદનના રંગ
કેસરિયા ને લાલ પ્રગટ્યા જાંબુડિયા સંગ
લક્ષ્મણરેખા માનભંગ, રંગીલાં સ્વપ્નો અકબંધ
ડહોળો ડહોળો ઉમંગ, અંતરે ઊભરતાં રંગ...

**– પ્રિયા**



# સમાસ

આ નીલશ્યામ ધરતી ને ઉપર ગગન વિશાલ, વિરાટ
તમે વિહરતા, હું વિચારતી, વિસ્મિત શોધતી આપણો સમાસ

સમાસ ને અમાસના દ્વંદ્વોમાં બહુ યે અટવાયાં આપણે
જાણે કે ક્યારેક ફળીભૂત થાશે, જીવવાના નાના અમથા પ્રયાસ

વચ્ચે ઊછળતો ઘેઘૂર ઊંડો સાગર, હું રહી કિનારે, તમારો સામા કાંઠે નિવાસ
શું આમ જ વ્યર્થ વિરહમાં, વીંધાતાં, પૂરો કરશું આ પ્રવાસ ?

મારે તો આશ છે મધદરિયે નિદ્રાધીન નારાયણના નાભિકમળમાં મળે આવાસ
ચાલો ને ! પિયા માંડીએ પ્રેમ-પ્રયાણ, તરીએ સંસાર આરપાર

સર્જનહારે સૃષ્ટિ સર્જી, વીસર્યા છે આપણાં સગપણ-સમાસ,
પણ હું ક્યાં છું ઉદાસ ?
ઊઠતાં-બેસતાં, રમતાં-જમતાં કરું રટણ ને ધ્યાન, જીવે છે એક વિરલ વિશ્વાસ

સ્વપ્ન છે કાયા જ્યારે ભલે બળે, માટી નીલશ્યામ ધરતીને મળે,
પ્રગટે કસ્તૂરીની સુવાસ, જ્યારે ભળે એક-મેકમાં આપણી રતુમ્બડી રાખ,
મરે વિરહ, થાય વહાલ-વિશ્વાસના સમાસ

**— પ્રિયા**



# પ્રેમાલાપ

પળેપળે હવે તો મારી આસપાસની
હવાને પણ સરવાણી ફૂટે છે...
છતાં યે તમને ખબર નથી પડતી કે,
આ વિરહિણી
અંતરમાં બસ તમારું જ નામ ઘૂંટે છે !

તમારા નામની ધૂન ને મારા ધબકારાની
સંગતે એક આકાશવાણી પ્રગટે છે...
છતાં યે એ તમને સંભળાતી નથી કે,
આ પાગલ હરિણી
ઉપવનમાં બસ તમારું જ નામ રટે છે !

તમે જ છો ભવભવના ભરથાર -
એવી ભવિષ્યવાણી ઊમટે છે...
ત્યારે તમને એટલું તો દેખાતું હશે ને કે,
આ દીવાની જીવનસંગિની
જન્માક્ષરના નકશાઓમાં બસ તમારું જ નામ ઢૂંઢે છે !

તો તને ય ક્યાં ખબર છે પ્રિયે કે,
આ અંતરમાં, ધબકારમાં અને
જન્માક્ષરના નકશાઓમાં

તને જોઈને... સાંભળીને...
તો મારું જીવન નભે છે !

તારા આલાલીલા સ્પર્શનાં સ્પંદનો
તારી આકાશી આંખો
તારું અદીઠ સૌંદર્ય પામીને તો,
તારો આ જે છે એ 'એકતારો'
બનીને તો રણક્યા કરે છે !

**— પાર્થિવી**



# અનુભૂતિ

મારા કાનમાં એક વાત ઘૂંટાય છે વળી વળી,
કે પેલા રાધા અને કાહ્નને એવો તે શો સંબંધ હતો વળી !

ગુંજામાળાધારી એ કાહ્નની વાંસળીઓ, એની જ માળા જપતી
પેલી રાધાના કાનમાં કેમની ગુંજ્યા જ કરતી હશે વળી !

ગાયોનાં ધણ ચારતા એ કાહ્નાને, એનાં જ ગીતો ગાતી,
રાધાનાં આવવાનાં એંધાણ જ કેમ સંભારતા રહેતા હશે વળી !

વળીવળીને એના તરફ જ ઢળતી, એ રાધાને એવું તે શું હતું વળી,
કે બળબળતી બપોરે પણ એ કાહ્ન માટે જ ટળવળતી રહેતી વળી !

આજે અચાનક આવી ગોધૂલિએ, ગાયોએ વાત એ વાગોળી,
કે શું રાધા અને કાહ્નામાં નહોતી ભાળી
નિર્મોહ, નિર્બંધ, નિરંતર, નિર્લેપ, નિર્વિકાર
પ્રેમની અનુભૂતિ નિરાળી !

**— પાર્થિવી**



આજે અચાનક આવી ગોધૂલિએ, ગાયોએ વાત એ વાગોળી,
કે શું રાધા અને કાહ્નામાં નહોતી ભાળી
નિર્મોહ, નિર્બંધ, નિરંતર, નિર્લેપ, નિર્વિકાર
પ્રેમની અનુભૂતિ નિરાળી !

**- પાર્થિવી અધ્યારુ-શાહ**



એક દિવસ, એક ઝીણકડા અવાજે
મને વિચારેથી જગાડી
'એય ! સાંભળ, મારી સામું તો જો
હું-હું સુખ ! તને મળવા આવ્યું છું.

**- પ્રતિષ્ઠા પંડ્યા**



થીજેલા વંટોળ, નીરવ ઢોલ, શાંત ચકડોળ,
પ્રીતની રીતમાં ચિત્ત તરબોળ
બસ ! મૌનની ધૂનમાં વિરક્ત તું ડોલ.
ચિત્ત ના ચોર, પિયા, ના બોલ !

**- પ્રિયા અધ્યારુ-મજીઠીયા**

ISBN : 978-81-8440-690-0

₹ : 60.00